*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 37

## ગ્રામ અદાલત



ચર્ચામાં શા માટે ?

ગ્રામ અદાલત વિશે :-

કલમ-39(એ) વિશે :-

સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)

TOPIC-37નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ગ્રામ અદાલત (વિલેજ કોર્ટ)ની સ્થાપના ન કરવા બદલ આઠ રાજ્યોને દંડ ફટકાર્યો છે.
- વર્ષ 2019માં સુપ્રીમ કોર્ટે બિન-સરકારી સંગઠન "નેશનલ ફેડરેશન ઓફ સોસાયટીઝ ફાસ્ટ જસ્ટિસ" દ્વારા દાખલ કરેલી પી.આઈ.એલ. (PIL) પરથી કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ ફટકારી હતી.

## નોટિસના કારણો વિશે ? :-

- પી.આઈ.એલ. (PIL) રજૂ કરતી વખતે માત્ર 208 ગ્રામ અદાલતો કાર્યરત હતી. જયારે 12મી પંચવર્ષીય યોજના મુજબ દેશમાં 2500 ગ્રામ અદાલતોની જરૂર હતી.
- આથી સુપ્રીમ કોર્ટે જરૂરી કાર્યવાહી ન કરવા બદલ આસામ, ચંદીગઢ, ગુજરાત, હરિયાણા, ઓડિસા, પંજાબ અને પશ્ચિમ બંગાળની રાજ્ય સરકારો પર એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દંડના કારણ વિશે :-

- સુપ્રીમ કોર્ટે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ વસતીને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે વર્ષ 2008માં સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાને ધ્યાનમાં રાખીને ગ્રામ અદાલતની સ્થાપના કરવામાં નિષ્ફળતા માટે દંડ ફટકાર્યો છે.

## ગ્રામ અદાલત વિશે :-

- ન્યાય પ્રણાલીને સામાન્ય લોકોની નજીક લાવવા માટે કાયદા અને ન્યાય મંત્રાલયે ભારતના બંધારણની કલમ-39-A અંતર્ગત સંસદમાં "વિલેજ કોર્ટ એક્ટ-2008" પસાર કર્યો હતો.
- આ અધિનિયમ મુજબ 2 ઓક્ટોબર, 2009 થી કેટલાક રાજ્યોમાં તેમનો અમલ શરૂ થયો હતો અને ગ્રામ અદાલતોએ તેમની કામગીરી શરૂ કરી હતી.
- મહારાષ્ટ્ર, કેરળ અને રાજસ્થાન આ ત્રણ એવા રાજ્યો છે કે જેમણે "વિલેજ કોર્ટ એક્ટ્-2008" પસાર થવાની સાથે જ ગ્રામ અદાલતની સ્થાપના કરી હતી અને સંપૂર્ણપણે કામગીરી ચાલું કરી દીધી હતી.
- ગ્રામ અદાલત દીવાની અને ફોજદારી કેસો સાથે કામ કરે છે. જેમાં મહત્તમ 2 વર્ષ સુધીની સજા થઈ શકે છે.
- ગ્રામ અદાલતમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ ન્યાયાધીશ હોય છે, જેમની નિમણૂક રાજ્ય સરકાર ઉચ્ચ ન્યાયાલયની સલાહથી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કલમ-39(એ) વિશે :-

- કલમ-39(એ) માં સમાન ન્યાય અને મફત કાનૂની સહાય માટેની જોગવાઈ છે.
- ઉપરોક્ત કલમ મુજબ રાજ્યએ ખાસ કરીને આર્થિક અથવા અન્ય મુશ્કેલીઓના કારણે કોઈ નાગરિક ન્યાયથી વંચિત ન રહે તે માટે તેમને ન્યાય મેળવવાની તક પ્રાપ્ત કરાવવા યોગ્ય કાયદા તથા યોજનાઓ અથવા અન્ય કોઈ માધ્યમ મારફતે મફત કાનૂની સહાય પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી છે.

## ગ્રામ અદાલતની કામગીરી અને અપીલ :-

- ગ્રામ અદાલતમાં ગુનાહિત કેસોમાં આરોપીઓને તેમના અપરાધની કબૂલાત કરવાની તક આપવામાં આવે છે.
- ગ્રામ અદાલતમાં અપીલની પણ જોગવાઈ કરવામાં આવી છે. પરંતુ તે અપીલ ફોજદારી કેસમાં સેશન્સ અદાલતમાં અને દીવાની કેસમાં જિલ્લા અદાલતમાં કરવાની રહેશે.

## ગ્રામ અદાલતની જરૂર શા માટે ?

- એક એવો અંદાજ છે કે ગ્રામ અદાલતો એ અન્ય અદાલતોના વિલંબિત કેસોની સંખ્યામાં 50% સુધીનો ઘટાડો કરી શકે છે.
- આથી સામાજિક ન્યાયના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અને લોકોને વધુ જાગૃત કરવા માટે ગ્રામ અદાલતને વધુ મજબૂત કરવાની જરૂર છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT